1. નાઝી પક્ષનું પ્રતીક કર્યું હતું?

➢ ભૂરા રંગના કપડાં અને સ્વસ્તિકનું પ્રતિક એ નાઝીપક્ષ નું પ્રતીક હતું.

2. મુસોલિનીનો જન્મ કયાં થયો હતો?

➢ મુસોલિનીનો જન્મ 29 જુલાઈ, 1833 ના રોજ રોમાનિયાના એક લુહાર પરિવારમાં થયો હતો.

3. ફાસિસ્ટ પક્ષનું પ્રતિક કયું હતું?

➢ ફાસિસ્ટ પક્ષનું પ્રતિક તરીકે રોમન શહેનશાહના ‘‘લાકડાંની બારી અને કુહાડી’’ના ચિનને પસંદ કર્યું હતું.

4. મુસોલિનીએ ઈથોપિયા સામે કયારે યુદ્ધ જાહેર કર્યું?

➢ મુસોલિનીએ 2 ઓક્ટોબર, 1935ના રોજ ઈથોપિયા સામે યુદ્ધ જાહેર કર્યું.

5. કયાં રાજયો ‘લેટિન અમેરિકન રાજયો’ તરીકે ઓળખાય છે?

➢ અમેરિકાની દક્ષિણે આવેલાં લેટિન કુળ અને ભાષા ધરાવતી પ્રસ્તના આશરે 24 સંસ્થાનો ‘લેટિન અમેરિકન રાજયો’ તરીકે ઓળખાતાં હતાં.

6. અમેરિકામાં ‘ન્યૂ ડીલ નીતિ’ કોણે અમલમાં મૂકી હતી?

➢ અમેરિકામાં પ્રમુખ રૂઝવેલ્ટે ‘‘ન્યૂ ડિલ નીતિ’’ અમલમાં મુકી હતી.

7. ‘‘ન્યૂ ડીલ નીતિ’’ ના મુખ્ય ઉદ્દેશો કયા હતા?

➢ ન્યૂ ડીલ નીતિના મુખ્ય ઉદ્દેશો રીલિફ, રીકવરી, રીફોમ હતા.

8. આંતરરાષ્ટ્રીય અદાલતનું વડુ મથક કયાં આવેલું છે?

➢ આંતરરાષ્ટ્રીય અદાલતનું વડું મથક નેધરલેન્ડ ના હેગ શહેર માં આવેલું છે.

9. L.L.0. કયું કાર્ય કરે છે?

➢ L.L.0. વિશ્વભરના મજદૂરીના આર્થિક અને સામાજીક કલ્યાણ માટે કાર્ય કરે છે.

10. વિશ્વઆરોગ્ય સંઘની ચળવળ દ્વારા કયા ચેપી રોગોનો અટકાવ થયો છે?

➢ વિશ્વ આરોગ્ય સંઘ (WHO) ની ચળવળ દ્વારા કોલેરા, ક્ષય, શીતળા અને ટાઈફોઈડ જેવા ચેપી રોગોનો અટકાવ થયો છે.

11. રાષ્ટ્રસંઘનો અંત કયારે આવ્યો ?

➢ ઈ.સ. 1939માં બીજા વિશ્વયુધ્ધની શરૂઆત થવાની સાથે જ રાષ્ટ્રસંઘનો અંત આવ્યો.

12. મુસોલિની કઈ બાબતોનો વિરોધી હતો?

- મુસોલિની લોકશાહી અને વ્યક્તિસ્વાતંત્ર્યનો કટ્ટર વિરોધી હતો.

13. કેથલિકો શા કારણે મુસોલિનથી ખુશ થયા છે

- મુસોલિને કેથલિકોના પોપ માટે રોમમાં વેટિકનનગર અલગ કરી આપતા કેથલિકો તેનાથી ખુશ થયો.

14. હિટલર શા માટે રાજકારણમાં જોડાયા ?

- પ્રથમ વિશ્વયુધ્ધમાં જર્મીન પરાજય માટે જર્મન નેતાઓ અને યહુદી પ્રજાને જવાબદાર ઠેરવી હારેલા જર્મનીને પુન ગૌરવ અપાવવાના ધ્યેય સાથે તે ઉગ્ર રાષ્ટ્રવાદનો શસ્ત્ર સાથે રાજકારણમાં જોડાયો.

15. જર્મનીમાં સરમુખત્યારશાહી ની શરૂઆત કયારથી થઈ?

- ઈ. સ. 1934માં જર્મન રાષ્ટ્રપતિ હિન્ડબર્ગનું અવસાન થતાં ચૂંટણી કરાવવાને બદલે જર્મન વડાપ્રધાન હિટલરે રાષ્ટ્રપતિ નું પદ સંભાળી લેતા જર્મનીમાં સરમુખત્યારશાહી ની શરૂઆત થઈ.

16. હિટલરને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

- હિટલરને જર્મનીના ફયુહરર તરીકે ઓળખવામાં આવે છે.

17. હિટલરે સંકીર્ણ રાષ્ટ્રવાદનું કયું સૂત્ર આપ્યું?

- હિટલરે "જયાં જયાં જર્મન ત્યાં જર્મની" નું સંકીર્ણ રાષ્ટ્રવાદનું સૂત્ર આપ્યું.

18. ન્યૂડીલ માં એફ. ડી. રૂઝવેલ્ટની કઈ બાબતોનો પરિચય થાય છે ?

- ન્યૂડીલમાં એક યુઝવેની કર્મકતા, નિષ્ઠા અને સુઝબુઝ સાથે રાષ્ટ્રહિત માટેની તેઓની સમર્પણની ભાવનાનો પરિચય થાય છે.

19. પ્રથમ વિશ્વયુધ્ધ ના અંતે લેટિન અમેરિકાના કયા દેશોમાં સરમુખત્યારશાહી નું શાસન સ્થપાયું?

- પ્રથમ વિશ્વયુદ્ધ ના અંતે લેટિન અમેરિકાના આર્જેટીના અને બ્રાઝિલમાં સરમુખત્યારશાહી નું શાસન સ્થપાયું.

20. રાષ્ટ્રવાદનો સામાન્ય અર્થ શો થાય છે?

- રાષ્ટ્રવાદનો સામાન્ય અર્થ "સ્વદેશ પ્રત્યેની વફાદારી અથવા ન દેશભક્તિ થાય છે."

21. પ્રથમ વિશ્વયુદ્ધના અંતે એશિયાના દેશોએ કયાં રાષ્ટ્રો સામે રાષ્ટ્રીય આંદોલનો શરૂ કર્યો ?

- પ્રથમ વિશ્વયુધ્ધના અંતે એશિયાના દેશોએ ઈંગ્લેન્ડ અને ફ્રાંસની સામે રાષ્ટ્રીય આંદોલનો શરૂ કર્યા.

22. “તુષ્ટિકરણની નીતિ” એટલે શું?

➢ ફાસવાદ, જાઝીવાદ અને લશ્કરવાદ ને ખુશ રાખીને આક્રમણ માટે પ્રોત્સાહિત કરવાની બ્રિટન અને ફ્રાંસની નીતિને “તુષ્ટિકરણ”ની નીતિ કહેવાય છે.

23. કયા દેશોની પ્રેરણા કઈ ઈટાલી એ ઈથોપિયા ઉપર આક્રમણ કર્યું?

➢ ઈટાલીએ જાપાન અને જર્મની પાસેથી પ્રેરણા લઈને ઈથોપિયા ઉપર આક્રમણ કર્યું.

24. કોમિન્ટર્નનું ધ્યેય શો હતો?

➢ કોમિન્ટન નો ધ્યેય રશિયામાં સામ્યવાદનું રક્ષણ કરવું અને વિશ્વમાં સામ્યવાદી વિચારસરણીનો પ્રચારપ્રસાર કરવાનું હતું .

25. બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ કઈ વિચારસરણીમાં વહેંચાઈ ગયું?

➢ બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ સામ્યવાદી અને લોકશાહી એમ બે વિચારસરણીમાં વહેંચાઈ ગયું.